# સાબરકાંઠામાં કારતકે ભાદરવો

## સાબરકાંઠામાં કમોસમી માવઠાથી ખરીફ પાકોને ભારે નુકશાનની ભીતી : ફુલાવર, કોબિઝ અને રાયડાના પાકમાં રોગચાળો આવવાની શક્યતા : વરસાદી માહોલને લીધે વાતાવરણ ઠંડુગાર

હિંમતનગર, તા.૧૧ બંગાળની ખાડીમાં ઉદ્ભવેલા વેસ્ટર્ન ડીસ્ટબન્સને લીધે વાતાવરણમાં આવેલા પલ્ટાના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લામાં બે ઠંડક પ્રસરી ગઈ છે અને દિવસે પણ ઠંડીનો અનુભવાઈ રહી છે. માવઠાને લીધે જિલ્લામાં વાવેતર કરાયેલ જીરૂ, ફુલાવર, કોબિઝ અને રાયડાના પાકમાં રોગનો ઉપદ્રવ થવાની

### ક્યાં કેટલો વરસાદ પડ્યો

સાબરકાંઠા જિલ્લામાં ગુરૂવારે રાત્રે અને શુક્રવારે દિવસ દરમિયાન કારતકે ભાદરવા જેવો માહોલ બની ગયો છે ત્યારે ડીઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ હિંમતનગર, ઈડર અને વિજયનગર પંથકમાં એક મીમી વરસાદ પડ્યો છે. જ્યારે ખેડબ્રહ્મા પંથકમાં ૩ મીમી અને પ્રાંતિજ પંથકમાં સોથી વધુ ૪ મીમી વરસાદ થયો છે. જેથી માવઠાની વધુ અસરો મુખ્યત્વે પ્રાંતિજ તાલુકામાં દેખાઈ રહી છે.

દિવસથી કારતકે ભાદરવા જેવો માહોલ સજાયો છે. જેના લીધે ગુરૂવારે રાત્રે અને શુક્રવારે દિવસ દરમિયાન તલોદ અને વડાલી તાલુકાને બાદ કરતા અન્ય તાલુકાઓમાં સરેરાશ એકથી ચાર મીમી વરસાદ પડતા વાતાવરણમાં શક્યતા વધી ગઈ છે. શનિવારે જિલ્લામાં વરસાદી માહોલ રહેવાની શક્યતા નકારી શકાતી નથી.

હવામાન વિભાગની આગાહી મુજબ સાબરકાંઠા જિલ્લામાં ગુરૂવારે રાત્રે આકાશ વાદળછાયુ વાતાવરણ બની ગયુ હતું અને લગભગ નવ વાગ્યાના સુમારે ઝરમર વરસાદ શરૂ થઈ ગયો હતો. જેથી હિંમતનગર, પ્રાંતિજ, ઈડર, ખેડબ્રહ્મા પંથકમાં ખેડૂતો





ઉચાટમાં મુકાઈ ગયા હતા. ત્યારબાદ વહેલી પરોઢે પ્રાંતિજ અને આસપાસના વિસ્તારોમાં જોરદાર વરસાદી ઝાપટુ પડ્યુ હતું. જેના લીધે આ વિસ્તારમાં ખેડૂતોએ વાવેતર કરેલ કોબિઝ અને ફુલાવરના પાકને ભારે નુકશાન થવાની શક્યતા છે. જોકે કેટલાક ખેડૂતોએ તો વરસાદી માહોલમાં પણ ખેતરોમાંથી ફુલાવર કાપવાનું શરૂ કરી દીધુ છે. વરસાદી માહોલને લીધે કોબિઝ અને ફુલાવરના ભાવ તળીયે બેસી ગયા છે. જેના ભાવ અગાઉ અંદાજે રૂપીયા પ્રતિકિલોનો ૪૦ બોલાતો હતો તે ભાવ શુક્રવારે પ્રતિ ૨૦ કિલોના ૨૦ રૂપીયાના ભાવે પણ હોલસેલરો ખરીદવા તૈયાર નથી. જેના લીધે આ માવઠાએ પ્રાંતિજ તાલુકાના ખેડૂતોની આર્થિક કમર ડામાડોળ કરી દીધી છે.

તો બીજી તરફ માવઠાની પ્રતિકુળ અસરોને લીધે જીરૂ, રાયડો, શાકભાજીના અન્ય પાકોને પણ નેકશાન થશે. આગામી બે દિવસ સુધી જો ખેતીના પાકોને સૂર્યપ્રકાશ નહિ મળે તો કેટલાક પાકોમાં મોલોમશીનો ઉપદ્રવ થવાની શક્યતા વધી ગઈ છે. વરસાદી માહોલને લીધે ઠંડીનો ચમકારો પણ અનુભવાઈ રહ્યો છે.

ઠંડી શરૂ થતાની સાથે જ બટાટાના પાકને ફાયદો થશે તેમ ખેડૂતવર્ગનું માનવુ છે. માવઠાને લીધે હાલ તો રવિસિઝનમાં વાવેતર કરાયેલ ઘઉં અને જવને કોઈ નુકશાન થવાની શક્યતા નથી. પરંતુ તેમાં નિંદામણ કરવુ પડે તેવુ ઘાસ ઉગવાનું શરૂ થઈ જશે. પાછોતર વાવેતર કરાયેલ કપાસમાં વરસાદી પાણી પડવાથી રૂની ગુણવત્તા નીચી આવી જશે. તેમ છતા હવામાન વિભાગના જણાવાયા મુજબ શનિવારે વરસાદી માહોલ યથાવત રહે તો નવાઈ નહી. જેથી ખેડૂતોએ રવિસિઝનના પાકોમાં પિયત આપવા માટે થોડા દિવસ રાહ જોવી હિતવાહ છે. ડીઝાસ્ટર વિભાગના સૂત્રોના જણાવાયા મુજબ તલોદ અને વડાલી તાલુકામાં માવઠાની અસરો ખુબજ ઓછી જણાઈ હતી. પોશીના પંથકમાં ગુરૂવારે અને શુક્રવારે વાદળછાયુ વાતાવરણ રહેવા પામ્યુ હતું. માવઠાને લીધે હિંમતનગર સહિત જિલ્લાના અનેક ઠેકાણે વરસાદી પાણીનો નિકાલ ન થવાને કારણે કાદવકિચ્ચડનો ઉપદ્રવ થયો છે.

### હિંમતનગર તાલુકામાં જીરૂનું વાવેતર કરનાર ખેડૂતોને માથે આફત

શાકભાજી બનાવવામાં વપરાતા જીરૂનું મુખ્ય વાવેતર ઈડર અને વડાલી તાલુકામાં થાય છે ત્યારે આ વર્ષે હિંમતનગર તાલુકાના કેટલાક ખેડૂતોએ લગભગ ૩૦ હેક્ટર, પ્રાંતિજ તાલુકામાં છ અને ઈડર તાલુકામાં લગભગ ત્રણ હેક્ટરમાં ખેડૂતોએ જીરાનું વાવેતર કરીને અનુભવનો અખતરો કર્યો છે.

# જગતના તાતને માવઠાનો માર

## અરવલ્લી-સાબરકાંઠામાં કારતકે ભાદરવાનો માહોલ, ટેકાના ભાવે મગફળી લઈ આવેલ ખેડૂતોની મગફળી પલળી

અરબ સાગરમાં ચક્રવાતના પગલે હવામાન વિભાગે બે દિવસમાં માવઠું





થવાની આગાહી કરતા આગાહી સાચી પડી હતી. ગુરૂવારે રાત્રીથી શુક્રવાર બપોર સુધી સાબરકાંઠા-અરવલ્લી જીલ્લામાં માવઠું થવાની સાથે અરવલ્લી જીલ્લામાં કારતકમાં ભાદરવાનો માહોલ જામ્યો હોય તેમ સતત વરસાદ પડતા બંને જીલ્લામાં ખેડૂતોની હાલત દયનિય બની છે. ચણા, બટાકા, વરિયાળી અને શાકભાજીના વાવેતરમાં અને પાકમાં માવઠાથી નુકશાન થવાની શક્યતાના પગેલે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.

ભિલોડા ટેકાના ભાવે ખરીદ કેન્દ્ર પર રાત્રીએ વાહનોમાં ઘઉ લઈ પહોંચેલા ખેડૂતોના ઘઉ પલળી જતા ખેડૂતોની હાલત દયનિય બની છે, જીલ્લાના માર્કેટયાર્ડમાં અનાજનો જથ્થો પલળી જતા વેપારીઓને ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો છે કમોસમી વરસાદથી વાતવરણમાં શીત લહેર પ્રસરી હતી.

જીલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરે ખેતીવાડી તંત્રને ગ્રામસેવકો સાથે રાખી અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વે કરવામાં આવે અને જ્યાં થોડો માવઠાની અસર ઓછી હોય ત્યાં ખેડૂતોને કાઉન્સલિંગ કરી માવઠાથી ખેતીને નુકશાન નહીં થાય ગભરાવાની જરૂર નથી અને માર્ગદર્શન આપવામાં આવેની તાકીદ કરી હતી.

અરવલ્લી જીલ્લામાં ૧.૪ લાખ હેક્ટરમાં શિયાળુ વાવેતર કરી દેવામાં આવ્યું છે જેમાં ૫૫ હજાર હેક્ટરમાં ઘઉ, ૧૭ હજાર હેક્ટરમાં બટાકા, ૧૪ હજાર હેક્ટરમાં ચણા અને ૧૪૦૦ હેક્ટરમાં વરિયાળીનું વાવેતર કરી દેવામાં આવ્યું છે. ત્યારે જ કમોસમી માવઠું થતા ખેડૂતોને ભારે નુકશાન જવાની ભીતિ પેદા થતા ખેડૂતો ચિંતિત બન્યા છે.

# ભિલોડા તાલુકામાં કમોસમી વરસાદ વરસ્યો ખેડુતો ચિંતાતુર

ભિલોડા,તા.૧૧ અરબી સમુદ્રમાં ચક્રવાતી અસરથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અનેક વિસ્તારોમાં ભર શિયાળે કમોસમી વરસાદ વરસ્યો હતો.વેસ્ટર્ન ડિસ્ટર્બની અસર કમોસમી વરસાદ વરસતા ખેડુતો, પશુપાલકો, વેપારીઓ સહિત પ્રજાજનો ભારે વિમાસણમાં મુંકાયા હતા. રાત્રે વાદળછાયું વાતાવરણ સર્જાતા કમોસમી વરસાદ વરસ્યો હતો. આજે સવારે અને બપોરે પણ તેવી સંભાવનાઓ સેવાઈ છે.ગ્રામ્ય વિસ્તારોના પ્રજાજનો સ્વેટર અને છત્રી સાથે પસાર થતા ઠેર-ઠેર જોવા મળ્યા હતા હાલના તબક્કે ઘઉં,બટાકા સહિત વિવિધ પ્રકારના પાકોનું વાવણીનું કાર્ય પુરજોશમાં



વર્તાતા વાતાવરણમાં ગત રાત્રે એકાએક પલટો આવ્યો હતો. વાદળીયા વાતાવરણ વચ્ચે કમોસમી વરસાદ વરસતા ખેડુતો, પશુ પાલકો ચિંતાતુર બન્યા હતા. મીની કાશ્મીર જેવો માહોલ સર્જાયો હતો. શિયાળાની ઋતુ દરમ્યાન કડકડતી ઠંડીની મોસમ વચ્ચે હવામાન વિભાગની આગાહી અનુસાર કમોસમી વરસાદ વરસતા ઋતુજન્ય બિમારીઓનું પ્રમાણ વધશે તેવા એંધાણ વર્તાયા છે.

સાબારકાંઠા-અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં કમોસમી વરસાદ વરસ્યો હતો. પ્રજાજનોએ સ્વેટર અને છત્રીનો એક સાથે ઉપયોગ કર્યો હતો.કમોસમી વરસાદ વરસતા વાતાવરણમાં એકા-એક પલટો આવતા જનજીવન ખોરવાયું હતું.

કારતક માસ દરમ્યાન જાણે કે અષાઢી માહોલ સર્જાયો હોય તેવા દશ્યો ઠેર-ઠેર જોવા મળ્યા હતા. કમોસમી વરસાદનું વિઘ્ન નડવાના કારણે ખેતીના વિવિધ પાક જેવા કે ઘઉં, મકાઈ, કપાસ, રાયડો, એરંડા, વરીયાળી, બટાકા, જીરૂ સહિત વિવિધ પાકોને નુકશાન થશે ચાલી રહ્યું છે ત્યારે ખેડુતોને ભારે નુકસાન થવાની ભીતી સેવાઈ છે. કમોસમી વરસાદના કારણે જનજીવન પર વ્યાપક અસરો વર્તાઈ હતી. આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાયા બાદ વાતાવરણમાં નાટ્યાત્મક રીતે પલટો આવ્યા હતો. વાદળછાયું વાતાવરણ દિવસભર રહેતા કમોસમી વરસાદ વરસ્યો હોઈ સાથે - સાથે શિયાળાની ઋતુ દરમ્યાન આગામી દિવસોમાં ગાત્રો થ્રીજવતી કાતીલ ઠંડીનું મોઝું ફરી વળશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# પ્રાંતિજ સહિત તાલુકામાં ભર શિયાળે કમોસમી વરસાદ

## કમોસમી વરસાદ પડતા શાકભાજી સહિત ખેતીમાં નુકસાન : કમોસમી વરસાદ પડતા ધરતી પુત્રોમાં નારાજગી

સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ તાલુકામાં રાત્રીના સમયે અને વહેલી સવારે કમોસમી વરસાદ પડતા ખેતીમાં મોટું સ્થિતિ પેદા થઈ છે અને ઘઉં, કપાસ, રાયડો સહિત શાકભાજીની ખેતીમાં મોટુ નુકસાન થયું છે. ત્યારે હાલ તો ફલાવર, કોબીજ પકવતા પકવતા ખેડૂતોને રાતા પાણીએ હાલ તો રોવાનો વારો આવ્યો છે. ત્યારે હાલ તો ભર શિયાળે કમોસમી વરસાદ પડતા ખેડૂતોને



નુકસાન થયું પ્રાંતિજ તાલુકામાં ખેતીમા ૪૫ ટકા નુકસાન.

પ્રાંતિજ સહિત તાલુકામાં કમોસમી વરસાદ પડતા હાલ ખેડૂતો ઉપર પડયા ઉપર પાટું જેવી ખેડૂતોને પણ એક બાજુ પોષણ ભાવ ના મળતા અને બીજી બાજુ કમોસમી વરસાદને લઈને શાકભાજીમાં અંદાજે ૪૫ ટકા જેટલું નુકસાન થયું છે. શાકભાજી પડયા ઉપર પાટું જેવી સ્થિતિ પેદા થઈ છે. તો બીજી બાજુ કમોસમી વરસાદ બાદ ઠંડી અને વાતાવરણ વાદળછાયુ બનતા હજુ વાદળને લઈને પાક ઉપર અસર થશે.

# માવઠું થતા ટેકાના ભાવે મગફળીની ખરીદી બંધ કરાઈ

અરવલ્લી જીલ્લામાં ટેકાના ભાવે મગફળી વેચાણ માટે ખેડૂતો ઉમટતા અત્યાર સુધી ૯૬ હજાર કવીન્ટલ



મગફળીની ખરીદી કરવામાં આવી છે કમોસમી વરસાદને પગલે અરવલ્લીમાં ટેકાના ભાવે મગફળીની ખરીદી બંધ રાખવામાં આવતા ટેકાના ભાવે મગફળી વેચાણ કરવા પહોંચેલા ખેડૂતોને મગફળી પણ પલળી ગઈ હતી અને ધરમધક્કો ખાવાનો આવતા જગતનો તાત નિઃસહાય જણાઈ રહ્યો હતો.

મગફળી ખરીદ કરતી એજન્સીએ વરસાદના કારણે મગફળી પલળી જતા આ નિર્ણય લેવામાં આવ્યો છે. ખેડૂતોએ મગફળી સંગ્રહ ક્યાં કરવીની મૂંઝવણમાં મુકાયા છે, ટેકાના ભાવે ખરીદી કરેલ મગફળી પણ માવઠું થતા પલળી હતી ખેતીવાડી અધિકારી અને તંત્ર પણ દોડતું થયું હતું.

# મહેસાણામાં કોરોનાના નવા ૨૮ અને પાટણમાં ૩૧ કેસ

## બનાસકાંઠામાં ૧૮ પોઝીટીવ કેસ

મહેસાણા, તા. ૧૧ ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ અને બનાસકાંઠામાં દિવસેને દિવસે કોરોના સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું હોઈ દરરોજ ડબલ આંકડામાં નવા કેસો સામે આવી રહ્યા છે. આજે મહેસાણા જીલ્લામાં ૨૮ નવા કેસ સામે આવ્યા છે. આ તરફ ૨૬ દર્દી કોરોનાની સારવાર દરમ્યાન સાજા થતાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. આ સાથે પાટણ જીલ્લામાં પણ આજે નવા ૩૧ કેસ સામે આવતાં આરોગ્ય તંત્રમાં સંક્રમણની ચેન તોડવા દોડધામ મચી છે. આ તરફ બનાસકાંઠા જીલ્લામાં પણ આજે નવા ૧૮ કેસ સામે આવ્યાં છે.

મહેસાણા જિલ્લામાં સતત કોરોના સંક્રમણ વધી રહ્યુ હોઈ ૨૮ કેસ સામે ૨૬ દર્દી સાજા થયા છે. મહેસાણા શહેરમાં ૧૦, કડી શહેરમાં ૩, ઊંઝા શહેરમાં ૬, વિજાપુર અને વિસનગર શહેરમાં ૧-૨ કેસ નોંધાયા છે. આ સાથે મહેસાણા તાલુકાના કડવાસણ અને ગોઝારીયામાં ૧-૧, વિજાપુરના માઢીમાં ૧, વિસનગરના કાંસા, વાલમ અને સદુથળામાં ૧-૧ અને બેચરાજીમાં ૧ કેસ નોંધાયો છે.

પાટણ જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમમણ બેફામ બન્યુ હોય તેમ આજે પણ નવા ૩૧ કેસ ખૂલ્યાં છે. પાટણ શહેરમાં ૩, તાલુકાના સંડેર, ગોલાપુર અને બાલીસણામાં ૨-૨, કણી, મણુંદ અને ડેરમાં ૧-૧, ચાણસ્મા શહેરમાં ૨, તાલુકાના ફીચાલમાં ૨, મણીયારી, ગોખરવામાં ૧-૧, રાધનપુર શહેરમાં ૩, તાલુકાના દેવમાં ૧, સિદ્ધપુર શહેરમાં ૧, તાલુકાના ફીડરોલ બિલીયામાં ૧-૧, સરસ્વતી તાલુકાના કાંસા અને ઉંટવાડામાં ૧-૧, શંખેશ્વરના બિલીયા અને સાંતલપુરના વારાહીમાં ૧-૧ કેસ નોંધાયો છે.

બનાસકાંઠા જિલ્લામાં પણ કોરોના સંક્રમણ રોકેટગતિએ આગળ વધી રહ્યુ હોઈ આજે નવા ૧૮ કેસ નોંધાયા છે. જેમાં કાંકરેજમાં ૨, ભાભરમાં ૧, થરાદમાં ૧, ડીસામાં ૩, પાલનપુરમાં ૩ અને દાંતામાં ૩ કેસ સામે આવ્યા છે. આ સાથે ખાનગી લેબમાં ૨ કેસ નોંધાયા છે. તો વળી એન્ટીજન ટેસ્ટમાં પણ ૩ કેસ સામે આવ્યા છે.

### બનાસકાંઠામાં કોરોનાના વધુ ૧૮ કેસ નોંધાયા

સરહદી બનાસકાંઠા જિલ્લામાંજ દિપાવલીના તહેવારો ટાણે વકરેલો કોરોનાનો પ્રકોપ હજી સુધી જારી રહ્યો છે. ત્યારે શુક્રવારે કોરોનાના વધુ ૧૭ પોઝેટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૮૧૮ એ પહોંચી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં શુક્રવારે કોરોનાના વધુ ૧૭ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જેમાં જિલ્લા મુખ્યાલય પાલનપુરમાં ૦૧, ડીસા ૦૧, ધાનેરા ૦૧, દાંતીવાડા ૦૨, કાંકરેજ ૦૩, ગાંધી લિંકનમાં ૦૨, બનાસ મેડિકલમાં ૦૩ અને આદર્શમાં ૦૨, સંકલ્પમાં ૦૨ મળી કુલ ૧૭ કેસ નોંધાયા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, કુલ ૧૦૮૯ સેમ્પલ માંથી ૧૭ કેસ પોઝેટિવ આવ્યા હતા.

# સાબરકાંઠામાં કોરોના નવા ૧૫ કેસ નોંધાયા

## સૌથી વધુ કેસ હિંમતનગર તાલુકામાં નોંધાયા : કુલ આંક ૧૧૧

હિંમતનગર, તા.૧૧ સાબરકાંઠા જિલ્લામાં શુક્રવારે કોરોના પોઝેટીવના નવા ૧૫ કેસ નોધાયા છે. જેમાં હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, તલોદ અને વડાલી તાલુકા સહિત વિજયનગરનો સમાવેશ થાય છે. આમ અત્યાર સુધીમાં જિલ્લામાં કોરોના પોઝેટીવ કેસનો કુલ આંકડો ૧૪૦૦ પાર કરીને ૧૦૧૧ થઈ ગયો છે. જોકે તે પૈકી ૧૫૫૧ લોકો સાજા થયા છે અત્યાર સુધીમાં કોરોનાના સોથી વધુ કેસ હિંમતનગર તાલુકામાં લગભગ ૪૨૮ નોધાયા છે. જેના પરથી કહી શકાય કે એકલા હિંમતનગરમાં ૪૮ ટકાથી વધુ કેસ છે.

આરોગ્ય વિભાગના જણાવાયા મુજબ શુક્રવારે જે નવા ૧૫ કેસ નોધાયા છે તેમાં હિંમતનગરના શક્તિનગરમાં ૪૦ વર્ષિય પુરૂષ, શારદાકુંજ સોસાયટીમાં ૬૩ વર્ષિય મહિલા, ભાગ્યોદય સોસાયટીમાં ૪૯ વર્ષિય મહિલા જ્યારે તાલુકાના ગાંભોઈ ગામમાં ૬૦ વર્ષિય પુરૂષ અને રંગપુર ગામમાં ૧૩ વર્ષનો કિશોર કોરોનાનો ભોગ બન્યો છે. હિંમતનગર તાલુકામાં અત્યાર સુધી નોધાયેલા ૦૨૮ કેસ પૈકી શહેરી વિસ્તારમાં ૪૦૦ જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં ૩૨૮ કેસ નોધાયા હોવાનો આરોગ્ય વિભાગનો દાવો છે. જેમાંથી ૬૪૪ ને રજા અપાઈ છે. એટલે હાલ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મળી એકટીવ કેસની સંખ્યા ૫૦ પર સ્થિર થઈ છે.

તેજ પ્રમાણે ઈડરમાં આવેલ સિધ્ધાર્થનગરમાં ૦૫ વર્ષિય મહિલા, ખેડબ્રહ્માની ગણેશ સોસાયટીમાં ૨૩ વર્ષિય પુરૂષ, તાલુકાના લક્ષ્મીપુરા ગામમાં ૧૮ વર્ષિય પુરૂષ અને દેરોલ ગામમાં ૫૫ વર્ષિય પુરૂષ જ્યારે પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામમાં પટેલ ફળીયામાં રહેતા ૦૨ વર્ષિય પુરૂષ ઉપરાંત તલોદ તાલુકાના ગુંદીયા ગામમાં ૬૩ વર્ષિય મહિલા કોરોનાની ઝપેટમાં આવી ગયા છે. સાથોસાથ વડાલી તાલુકાના હાથરવા ગામમાં ૫૫ વર્ષિય મહિલા, થેરાસણા ગામમાં ૩૪ વર્ષિય પુરૂષ સહિત વિજયનગર તાલુકાના મોવતપુરા ગામના ૬૩ વર્ષિય પુરૂષ, પાર્શ્વનગર સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષિય પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે.